આજે આદિવાસી ગૌરવ યાત્રા અંબાજીમાં સંપન્ન થશે

કોંગ્રેસ શાસનમાં સપના સમાન રહેલા રોડ, રસ્તા, ગટર પાણી, વીજળી ભાજપના શાસનમાં હકીકત બની ચુક્યા

પાલનપુર, તા.૧૭

આદિવાસી ગૌરવ યાત્રા જુદા જુદા વિસ્તારમાં ફર્યા બાદ હવે આવતીકાલે ધાર્મિક સ્થળ અંબાજીમાં પૂર્ણ થશે. પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાના જણાવ્યાનુસાર તા.૭ ફેબ્રુઆરી, મંગળવારના રોજ દક્ષિણ ગુજરાતના ઉનાઈ માતાના આશીર્વાદ લઈને પ્રમુખ જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં આરંભાયેલ આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનું તા.૧૮ ફેબ્રુઆરી, શનિવારના રોજ ઉત્તર ગુજરાતના અંબાજી ખાતે સમાપન થશે. યાત્રાના આ સમાપન કાર્યક્રમમાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલા, રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, કેન્દ્રના મંત્રીઓ હરિ ચૌધરી, મનસુખભાઈ માંડવીયા, જશવંતસિંહ ભાભોર સહિત અન્ય કેન્દ્રીય અને રાજયના મંત્રીઓ, સાંસદઓ, ધારાસભ્યઓ, પ્રદેશના અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહેશે. ઉત્તર ગુજરાતના તમામ છ જીલ્લાઓના બુથ સુધીના કાર્યકર્તાઓનું મહાસંમેલન આ પ્રસંગે યોજાશે, તેમ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું. આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાના અંતિમ ચરણના આજના નવમા દિવસે આજે મહિસાગર જીલ્લાના પાંડરવાડાથી આગળ વધીને આજે આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાએ અરવલ્લી જીલ્લામાં પ્રવેશ કર્યો હતો. મહિસાગર જીલ્લાના કારવાઈ, પાંડરવાડા સહિત અરવલ્લી જીલ્લામાં પ્રવેશ વખતે પ્રથમ સ્વાગત બેલીયુ ગામમાં થયું હતું. વિશાળ સંખ્યામાં આદિવાસી બાંધવો ઉપસ્થિત રહ્યા હતા. માથે કળશ મુકીને બાળકીઓએ સ્વાગત સામૈયુ કર્યું હતું. ઢોલ-નગારા અને ફટાકડા ફોડી નાગરિકો દ્વારા યાત્રાનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું, તેમ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું. આજથી યાત્રામાં રાજયસભાના સાંસદ અને અનુસુચિત જનજાતિ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ રામવિચાર નેતમ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ વિવિધ સ્થળોએ ઉપસ્થિત જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, ૧૯૯૫ પહેલા રોડ, રસ્તા, ગટર, પાણી, વીજળીએ આદિવાસી બાંધવો માટે કોંગ્રેસના શાસનમાં સ્વપ્ન સમાન હતા. પરંતુ ભાજપના શાસનમાં તે હકીકત બન્યા છે.

ગામે-ગામ શાળાઓ, શિક્ષક, ભણવાની સુવિધા વધતાં સમગ્ર આદિવાસી સમાજમાં શિક્ષણ અને સામાજીક જાગૃતિમાં આમુલ પરિવર્તન જરૂરથી આવવાનું છે. નોટબંધી જેવા મોટા ઓપરેશન દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશનાં અર્થતંત્રમાંથી ભ્રષ્ટાચાર અને કાળા નાણા તથા બનાવટી નોટોની મોટી ગાંઠ દુર કરી છે. અર્થતંત્રમાં લાગેલા સડાને દુર કરવાનું ભગીરથ કાર્ય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉપાડ્યું છે.

રાષ્ટ્રીય યુવા યોજનાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. એસ.એન. સુબ્બારાવ ભાઈજીએ એકજ માસમાં ત્રીજીવાર ગુજરાતની મુલાકાત લીધી હતી. તાજેતરમાં બનાસકાંઠાના પાલનપુર ખાતે લોકનાયક મહા વિદ્યાલય ખાતે યોજાયેલ ત્રિદિવસીય પ્રાદેશિક બાલ આનંદ મહોત્સવમાં તેઓ ઉપસ્થિત રહ્યાં હતા. જેમાં સમગ્ર ગુજરાત ઉપરાંત પડોશી રાષ્ટ્ર નેપાળમાંથી મળીને કુલ ૭૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય યુવા યોજનાના પ્રદેશાધ્યક્ષ પંકજકુમાર ઝાલા પણ ઉપસ્થિત રહ્યા હતા.

હોસ્પિટલની નર્સને ગંભીર બેદરકારી અંગે તંત્રની નોટીસ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગુરુવારના રોજ એક મહિલાની પ્રસુતિમાં દિકરીનો જન્મ થયો હતો. ડિલેવરી બાદ હોસ્પિટલના તંત્ર દ્વારા ભરવામાં આવતા એક ફોર્મમાં નર્સ દ્વારા બાબો દર્શાવવામાં આવ્યું હતું. આ ફોર્મમાં લખ્યા બાદ મહિલાના પરિવારજનોને દિકરી જન્મી છે તેમ જણાવતા જ મહિલાના પરિવારજનોએ સિવિલ સ્ટાફ સામે બાળકની અદલાબદલીનો આક્ષેપ કરીને હોબાળો મચાવ્યો હતો. ત્યારે હોસ્પિટલમાં ફરજ પર રહેલ નર્સની ગંભીર બેદરકારી અંગે નર્સિંગ સુપ્રિરીટેન્ડન્ટને નોટીસ પાઠવી આ અંગે ખુલાસો કરવા આદેશ કર્યો છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ઘમીજ ગામની મહિલા સોનલબેન ચૌહાણને પ્રસુતિની પીડા ઉપડતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લવાયા હતા. ત્યારબાદ મહિલાને ઓપરેશન માટે લઈ જવાયા હતા. ત્યારબાદ મહિલાએ દિકરીને જન્મ આપ્યો હતો. પરંતુ નર્સ દ્વારા તંત્રના ભરવામાં આવતા ફોર્મમાં ભુલથી બાબો લખેલુ દર્શાવાયું હતું. આ ફોર્મ ભર્યા બાદ તેમને દિકરી જન્મી છે તેમ કહેવામાં આવતા મહિલાના પરિવારજનોએ ભારે હોબાળો મચાવતા મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. ત્યારે સિવિલ તંત્ર દ્વારા તપાસ કરીને આ ઘટનાને માત્ર નર્સની ભુલ ગણાવી હતી. ત્યારે સિવિલના નર્સિંગ સુપ્રિટેન્ડન્ટે નર્સને નોટીસ પાઠવી ખુલાશો કરવા આદેશ કર્યો છે.

હોસ્પિટલના સ્પેશીયલ રૂમ પાણીમાં તરબોળ

સ્પેશીયલ રૂમમાં પાણી કયાંથી આવ્યું તે જાણવા પીઆઈયું વિભાગની કવાયત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં છેલ્લા બે દિવસથી વોર્ડમાં પાણી ફરી વળવાના બનાવ બનવા પામે છે. તાજેતરમાં ઈએનટી વોર્ડમાં પાણી ભરાઈ જવાને હજુ ગણતરીના કલાકો થયા છે ત્યારે આજે ફરી એકવાર સ્પેશીયલ રૂમમાં પાણી આવી જતા દર્દીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. પાણીને પગલે દર્દીઓ અને સ્ટાફના કર્મચારીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. જયારે કલાકો બાદ સફાઈ કર્મચારીઓ પાણી દુર કરી શક્યા હતા. જયારે પીઆઈયુ વિભાગના કર્મચારીઓ પાણી વોર્ડમાં કયાંથી આવે છે તે જાણવા માટે પ્રયત્નો હાથ ધર્યા હતા. પાણીની પાઈપ લાઈનમાં લીકેજને પગલે આ પાણી વોર્ડમાં ઉતરી આવ્યું હોવાનું પ્રાથમિક અનુમાન તંત્ર દ્વારા લગાવાઈ રહ્યું છે. ત્યારે આગામી સમયમાં કયાં વોર્ડમાં પાણી ભરાશે તેવી મઝાક પણ સ્ટાફ અને દર્દીઓના સ્નેહીજનો કરતા જોવા મળ્યા હતા.

ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં ઉનાળાના પ્રારંભે પાણી માટે પોંકાર ઉઠવા પામે છે. દર્દીઓ પાણી વિના હેરના પરેશાન થઈ ઉઠે છે. રોજીંદી ક્રિયાઓમાં પણ દર્દીઓ હેરાન ગતિનો સામનો કરવો પડે છે. ત્યારે છેલ્લા અઠવાડીયાથી પાણીની પાઈપમાં લીકેજ અન્ય કારણોસર હોસ્પિટલની નવી ઈમારતમાં આવેલ વોર્ડમાં પાણી ભરાઈ જવાના કિસ્સા સામે આવી રહ્યા છે. પાણી વોર્ડમાં ભરાઈ જતા દર્દીઓને હેરાન ગતિનો સામનો કરવો પડે છે. જયારે કેટલાક દર્દીઓનો સામાન પણ ભીનો થઈ જવાના કિસ્સા બનવા પામ્યા છે. જયારે સફાઈ કામદારો દ્વારા બે ત્રણ કલાક સફાઈ કરવામાં આવે ત્યારે વોર્ડ એકદમ ચોખ્ખો ચણક થવા પામે છે. ત્યારે વોર્ડમાં ધસી આવતા પાણીની શોધખોળ પીઆઈયુ વિભાગ દ્વારા આદરવામાં આવી છે. લાઈનમાંલીકેજ હશેતેઝડપથી દુર કરવામાંઆવશે. જેથી વોર્ડમાંભરાતા પાણીથી દર્દીઓઅનેસ્ટાફને છુટકારોમળશે. આગામી સમયમાંજોવું રહ્યુંકેપાણીની પાઈપનુંલીકેજશોધીનેતંત્ર દ્વારા દુર કરવામાં આવે છે કે નવા કોઈ વોર્ડમાંપાણી ભરાઈ જવાનોબનાવ સામે આવેછે.

લાટીમાં લાગેલી ભીષણ આગ પાંચ કલાક બાદ કાબુમાં આવી

શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વાસણા વોર્ડના ગુમાનગરમાં આવેલી લાટીમાં વહેલી સવારે ભીષણ આગ ફાટી નીકળતા મોટુ નુકસાન થવા પામ્યું છે.આ આગને બુઝાવવા ફાયર વિભાગને ૧૪ વાહનોની મદદ લેવી પડી હતી.આગ પાંચ કલાક બાદ કાબુમાં લઈ શકાઈ હતી.આ અંગે મળતી માહીતી અનુસાર,વાસણા વોર્ડના ગુમાનગરમાં મોડી રાત્રીના ૨.૩૦ કલાકે અગ્મ્ય કારણોસર અહીં આવેલી લાટીમાં ભીષણ આગ ફાટી નીકળતા ભર ઉંઘમા સુતેલા આસપાસના રહીશો પણ કુતૂહલ વશ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.દરમ્યાન ઘટના અંગે ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ફાયર વિભાગના ચીફ ઓફિસર એમએફ દસ્તૂર,એડીશનલ ચીફ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટ ઉપરાંત ૪૫ જેટલા ફાયરના જવાનો અને ૧૪ જેટલા વાહનોને આગને નિયંત્રણમાં લેવા માટે કામે લગાડી દેવાની ફરજ પડી હતી.આ આગને બુઝાવવામાં ફાયર વિભાગને પુરા પાંચ કલાકનો સમય લાગ્યો હતો.દરમ્યાન ફાયર કંટ્રોલ સૂત્રોના કહેવા પ્રમાણે લાટી બજારમાં આવેલા અનિલ દેવાજી મારવાડીનું જુના ફર્નિચરનું ગોડાઉન છે.જ્યાં મોડીરાત્રીના સુમારે અચાનક આગ ફાટી નીકળતા ગોડાઉનમાં રાખવામાં આવેલા ફર્નિચર ઉપરાંત લાકડાનો જથ્થો બળીને ખાખ થઈ જવા પામ્યો હતો.આ આગે જોતજોતામાં એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું કે,આગની જવાળાઓ છેક દુર સુધીના વિસ્તારમાં નજરે પડતી હતી.સ્તાનિક રહીશોએ પણ કૂતૂહલવશ રાત્રીની ઉંધ છોડી આગ કયાં લાગી છે તે જોવા ઘટના સ્થળે લોકો એકઠા થયા હતા.આગને પરિણામે નજીકમાં આવેલા સુરેશ મારવાડીના ગોડાઉનમાં પણ આગ લાગતા વ્યાપક નુકસાન થવા પામ્યું હતું.આ આગ અંગે ચીફ ફાયર ઓફિસર એમએફ દસ્તૂરનો સંપર્ક કરવામાં આવતા તેમણે કહ્યું છે કે,લાટીમાં લાગેલી આગ અંગે કોઈ ચોકકસ કારણ હજુ સુધી ધ્યાનમાં આવ્યું નથી.પરંતુ મોટાભાગે શોટસર્કીટને કારણે આ આગ લાગી હોવી જોઈએ.

એ.આઈ.ઓ.સી.ડી. કાર્યકારીણી બેઠક અમદાવાદમાં

સમગ્ર ભારતનાં લગભગ સાડા આઠ લાખ દવા વેપાર સાથે સંકળાયેલા છૂટક તેમજ જથ્થાબંધ દવાનાં વેપારીનું પ્રતિનિધિત્વ કરી રહેલ સંસ્થા ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઑફ કેમિસ્ટસ એન્ડ ડ્રગીસ્ટસની કાર્યકારિણીની એક બેઠક ગુજરાતમાં અમદાવાદ ખાતે તા. ૧૯.૦૨.૨૦૧૭ને રવિવારના મળવા જઈ રહેલ છે.

ગુજરાતનાં બાવીસ બજારથી વધુ દવાના છૂટક તથા જથ્થાબંધ વેપારીનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા ધી ફેડરેશન ઑફ ગુજરાત સ્ટેટ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગીસ્ટસ્ અસોસિએશન્સના યજમાન પદે આયોજીત આ બેઠકમાં અલગ અલગ રાજય સંસ્થાના પ્રતિનિધિઓ ભાગ લઈ રહેલ છે. ગુજરાત રાજય સંસ્થાના પ્રમુખ જશવંતભાઈનાં જણાવ્યા મુજબ આ બેઠકમાં જુદા જુદા મુદ્દાઓ ઉપર ચર્ચા થવાની જેમાં જી.એસ.ટી. કેન્દ્ર સરકાર તરફથી આવી રહેલ દવાનાં કાયદા અને નિયમોનાં સુધારાની ચર્ચા, ઓન લાઈન ફાર્મસીના ભયસ્થાને વિગેરે મુદ્દાઓ ઉપર આગામી પગલાંઓની પણ ચર્ચા થશે. ગુજરાત રાજય સંસ્થાનનાં યજમાન પદે આવી બેઠકનું આયોજન લગભગ બાર વર્ષ પછી રહેલ છે. જે રાજય એકમ માટે એક ગર્વનો પ્રસંગ છે.

દિનેશ રાવલ નિરાધાર બાળકોના ઉત્થાન માટે રજતતુલાની રકમ અર્પણ કરશે

આજના સમયમાં ભાગ્યે જ બનતી ઘટના અમદાવાદના સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય મ્યુઝીયમ, ગાંધી સરદાર સ્મૃતિ ચોક, સર્કીટ હાઉસ સામે, શાહીબાગ, અમદાવાદ ખાતે તા.૧૮-૨-૧૭ના રોજ બપોરના ૩-૦૦ કલાકે બનવા જઈ રહી છે આ દિવસે સમાજ સેવાના ભેખધારી દિનેશભાઈ બી. રાવલ અને તેમના ધર્મ પત્ની જશોદાબેન ડી. રાવલની રજત ચાંદીથી તુલા થઈ રહી છે, એમા પણ સૌથી મહત્વની બાબત એ છે કે, આ નિમીત્તે એકઠી થનારી આશરે એક કરોડથી પણ વધારે રકમ દિનેશભાઈ બી. રાવલ બાળ સંરક્ષણ ગૃહ, ખાનપુર, અમદાવાદના ગરીબ-નિરાધાર બાળકોના ઉત્થાન માટે અર્પણ કરી દેવાના છે.

આ પ્રસંગે મહામહિમ રાજયપાલ ઓ.પી.કોહલીજી, બિહાર હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટીસ ડો. જે. એન. ભટ્ટ, પૂર્વ મુખ્ય સચિવ પી.કે.લહેરી, સુપ્રસિદ્ધ કથાકાર પરમપૂજ્ય ભુપેન્દ્રભાઈ પંડ્યા તેમજ દેશ વિદેશના વિશિષ્ટ ક્ષેત્રોના મહાનુભાવો, સામાજીક કાર્યકરો આ કાર્યક્રમમાં હાજર રહી પ્રસંગને શોભાવશે.

આ દિનેશભાઈ રાવલ હાલ ૭૫ વર્ષની વયના થયા હોવાથી તેમના ચાહકો, મિત્રો અને સ્નેહીજનોએ તેમની સેવાઓને બિરદાવાના હેતુથી તેમનું રજત તુલા દ્વારા અભિવાદન કરવાનો નિર્ણય લીધેલ છે સાથે તેમણે પણ પોતાને મળનાર તમામ નાણાંકીય રાશી બાળ સંરક્ષણ ગૃહ, ખાનપુર, અમદાવાદના ગરીબ, તરછોડાયેલા, કાચી બુદ્ધિના ગુન્હો કરી બેઠેલા બાળકોના કલ્યાણ અર્થે અર્પણ કરી દેવાનો નિર્ણય કરેલ છે જે સમગ્ર સમાજ માટે ગૌરવ તેમજ ઉદાહરણ પુરુ પાડે તેવી ઘટના છે.

કચ્છમાં એલર્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુચના આપવામાં આવી છે. કચ્છ રેન્જના આઈજી એકે જાડેજાએ માહિતી આપતા કહ્યું છે કે કચ્છ પોલીસને મોડી રાત્રે કેન્દ્રિય સંસ્થાઓ અને અન્ય તરફથી જે માહિતી મળી છે તે મુજબ એક બોટ આંધ્રપ્રદેશમાં બંદરથી જખૌ નજીક ઈન્ટરનેશનલ મેરીટાઈમ બાઉન્ડ્રી લાઈન (આઈએમબીએલ) તરફ વધી રહી છે. જ્યારે અન્ય એક બોટ પણ પહોંચી રહી છે. આમાં પાકિસ્તાની શખ્સોને લઈને હજુ સુધી કોઈ વાત કરવામાં આવી નથી. બાતમીના આધાર ઉપર જિલ્લા પોલીસને ગઈકાલે રાત્રે જ એલર્ટ કરી દેવામાં આવી છે. પશ્ચિમથી આવતા તમામ જહાજો અને નૌકાનોની ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. હજુ સુધી કોઈપણ શંકાસ્પદ ચીજો મળી નથી. કચ્છમાં એલર્ટની જાહેરાત કરવામાં આવતા ગુજરાતના અન્ય ભાગોમાં પણ આ મુદ્દાને લઈને પોલીસ બેડામાં ચર્ચા જોવા મળી રહી છે. સાવચેતીના અન્યત્ર પગલાં પણ લેવામાં આવી રહ્યા છે.

ભાષા બોલે છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રયાસ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહ્યા છે પરંતુ લોકોને અપીલ કરવામાં આવે છે કે સેનાના મામલામાં નિવેદનબાજી ન કરવામાં આવે. આર્મી ચીફ બિપીન રાવતે બુધવારે ચેતવણીના અંદાજમાં કહ્યું હતું કે કાશ્મીરમાં ત્રાસવાદીઓની સામે સેનાના ઓપરેશનમાં અડચણ ઉભી કરનારને ત્રાસવાદીઓના મિત્ર તરીકે ગણવામાં આવશે. તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. તેમનો ઈશારો સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કરનાર લોકો ઉપર હતો.

દત્તક પુત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તરપ્રદેશમાં કોઈને દત્તક લીધેલા પુત્રની જરૂર નથી. ઉત્તરપ્રદેશને ઉત્તરપ્રદેશમાં પોતાના પુત્રો રહેલા છે જે સંપૂર્ણપણે સક્ષમ અને મજબૂત છે. ઉત્તરપ્રદેશના એક એક યુવાન નેતા બનવાની સ્થિતિમાં છે. એક એક વ્યક્તિ વિકાસ કરવા માટે સક્ષમ છે. માત્ર સાથે મળીને કામ કરવાની જરૂર છે. ૧૬મી ફેબ્રુઆરીના દિવસે મોદીએ હરદોઈ ચૂંટણી રેલીમાં કહ્યું હતું કે તેઓ ગુજરાતમાં જન્મ્યા છે પરંતુ ઉત્તરપ્રદેશે તેમને દત્તક લઈ લીધા છે. તેઓ એવા પુત્ર નથી જે માતા પિતાની ચિંતા કરતા નથી. દત્તક લીધેલા પુત્ર દ્વારા જ ઉત્તરપ્રદેશને સર્વોચ્ચ ઉંચાઈ ઉપર લઈ જવામાં આવશે. રાયબરેલીમાં ચોથા તબક્કામાં ૨૪મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. ત્યારબાદ પાંચમાં તબક્કામાં ૨૭મી ફેબ્રુઆરીના દિવસે અમેઠીમાં મતદાન થશે. પ્રિયંકા ગાંધીએ નોટબંધીને લઈને પણ મોદી ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે મોદી કહે છે કે ઉત્તરપ્રદેશમાં મહિલાઓ ઉપર અત્યાચાર થાય છે. તેઓ પોતે પુત્રી-માતાનો ઉલ્લેખ કરે છે અને તમામ સાથે સંબંધો જોડી કાઢે છે. પ્રિયંકાએ કહ્યું હતું કે દેશની કરોડો મહિલાઓની તરફથી તેઓ કહેવા માંગે છે કે હંમેશા કોઈની સાથે સંબંધો જોડવાની જરૂર હોતી નથી. આના બદલે મોદી આંખથી આંખ મિલાવીને વાત કરે તે જરૂરી છે.

આત્મઘાતી હુમલામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બોમ્બર ત્રાટકી ગયો હતો. તે લોકોની વચ્ચે પહોંચીને બ્લાસ્ટ કરી દીધો હતો. હુમલામા માટેની જવાબદારી ઈસ્લામિક સ્ટેટ દ્વારા સ્વીકારી લેવામાં આવી છે. શિયા લોકોને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરવામાં આવ્યો હોવાનો દાવો આઈએસ દ્વારા કરવામાં આવ્યો છે. ભુતકાળમાં પણ આ પ્રકારના હુમલા કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નવાઝ શરીફે હુમલાને વખોડી કાઢીને કહ્યુ છે કે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરાશે. અમેરિકાએ ત્રાસવાદી હુમલાને વખોડી કાઢીને નિંદા કરી છે. સાથે સાથે હુમલાખોરોને શોધી કાઢવા મદદ કરવાની ઓફર કરી છે. પાકિસ્તાનમાં અગાઉ ૧૬મી ડિસેમ્બર ૨૦૧૪ના દિવસે વિનાશકારી હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૧૫૪ લોકોના મોત થયા હતા.

વ્યુહરચના ઘડી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નેતાઓની હાજરી જ હોવાની બાબત પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાસ્પદ બની હતી. આ બેઠકમાં ૨૦મીની વ્યુહરચનાને આખરી ઓપ આપી દેવામાં આવ્યો હતો. જિલ્લામાંથી આવનારા કાર્યકરો માટે વાહન વ્યવસ્થા, નાસ્તાની વ્યવસ્થા માટે પણ સૂચનાઓ આપવામાં આવી હોવાનું કોંગ્રેસના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ બેઠકમાં ધારાસભ્યો કે પંચાયતના પ્રમુખ હાજર રહ્યા ન હતા.

વરસાદની શક્યતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઋતુનો સંધિકાળ બેવડી ઋતુનો અહેસાસ કરાવશે. વિષમ હવામાનની વિપરિત અસરો કૃષિપાકો તેમજ પ્રાણીઓ ઉપર પડતી હોય છે. એટલે આગામી ૨-૩ દિવસોમાં વાદળો આવે અને તા. ૨૧મી ફેબ્રુઆરીથી તા. ૫મી માર્ચ દરમ્યાન દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશો ઉપર ભારે હિમવર્ષાની અસર જણાય. ભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય આધારિત જોતા અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને સીંધમાં થતી હવામાનની અસરો થતા ઉત્તર અરબી સમુદ્રમાં થતી વિશિષ્ટ અસરોના લીધે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ હવામાન પલટાના યોગો રહેશે. જમ્મુ-કાશ્મિર, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, પૂના, મધ્યપ્રદેશના ભાગો તેમજ દેશના અન્ય ભાગોમાં પણ કમોસમી વરસાદની વકી રહે. રાજ્યના ભાગોમાં પણ વાદળવાયુ વાતાવરણ કે માવઠાની શક્યતા રહે. હવે મહત્તમ તેમજ ન્યૂનતમ તાપમાનમાં વૃદ્ધિ થતા પવનોના લીધે રાત્રિના ભાગમાં ઠંડક થઈ શકે. આગામી દિવસોમાં સાગરમાં હવાના હળવા દબાણ ઉભા થવાની શક્યતા છે. આથી પવનની ગતિ કાંઠા વિસ્તારમાં વધી શકે. આ આગાહી કૃષિલક્ષી મુખ્યત્વે છે તેવું હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યું હતું.

સલામત સવારી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જેના લીધે શહેરી બસના રૂટ અને ગ્રામ્ય વિસ્તારની બસોના રૂટમાં પણ ફેરફાર કરવાની ફરજ પડી હોવાનુ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં અમદાવાદ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં જવા માટે પણ મુસાફરોને બસ મળતી નથી. આમ નાગરિકોએ કલાકો સુધી બસ સ્ટેન્ડ પર ઉભા રહેવાનો વારો આવ્યો છે. શહેરમાં એસ ટી બસ સેવા આમ પણ કથળી છે. એસ ટી માં ડ્રાઈવર તેમજ કંડકટરની ઘટના લીધે આમ પણ એસ ટી રૂટની સેવા પર વિપરિત અસર જોવા મળી રહી છે. આડા દિવસોમાં પણ સ્થાનિકાને બસ મળતી નથી. ત્યારે લગ્નસરાની સિઝને પણ અપડાઉન કર્તાઓ માટે બસસેવાના મામલે પરેશાની ઉભી કરી છે.

દુષ્કર્મકાંડની તપાસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવેદનપત્રમાં એવી પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે કે આ અંગે ૨૦મી ફેબ્રુઆરી-૨૦૧૭ના રોજ વિધાનસભામાં આપતા સંબોધન દરમિયાન ગુરૂને આપવુ જોઈએ કે નલિયા દુષ્કર્મકાંડની તપાસ હાઈકોર્ટના સીટીંગ જજ દ્વારા કરવામાં આવે તે અનિવાર્ય છે. આ મામલે આપ ગૃહને આશ્વાસન નહી આપો તો અમે ગૃહની કાર્યવાહી ચાલવા દઈશુ નહીં.

આવેદનપત્રમાં જણાવ્યું છે કે આ શરમજનક ઘટનામાં અત્યંત આઘાતજનક બાબત એ છે કે ૩૫ થી વધુ યુવતિઓનું શોષણ થયું છે. આમાં પણ ઘણા બધા મોટા માથાઓ સંકળાયેલા છે. તથા આયોજનબદ્ધ સંગઠીત દુષ્કર્મકાંડ છે. આ ઘટના અંગેની ફરિયાદ તપાસ તથા કથિત આરોપીઓની સામે લીધેલા પગલાં અંગે ઘણી બધી અસામાન્યતા દેખાય છે. નલિયા દુષ્કર્મકાંડની તપાસમાં રાજ્ય સરકારના ઢીલા વલણને અમે વખોડી કાઢીએ છીએ.

આ પણ વાંચીએ...

૮૮ વર્ષીય સ્ત્રી રોગ નિષ્ણાંત સહિત અનોખી સેવા કરનારને પદ્મ એવોર્ડ

રાજકારણ અને દાવપેચ વિના આ વર્ષે પદ્મ એવોર્ડના વિજેતાઓ નક્કી કરવામાં આવ્યા છે. આ વાત એના પરથી સાબિત થાય છે કે આ વર્ષે પદ્મ એવોર્ડ મેળવનાર ઘણા એવા વ્યક્તિઓ છે જેઓ ક્યારેય લાઈમલાઈટમાં આવ્યા નથી. ખુબ જ સામાન્ય જીવન જીવતા પરંતુ ઘણા વર્ષોથી સાતત્યપૂર્ણ કાર્ય કરનાર વ્યક્તિઓને પદ્મ પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે. તે પૈકીના ૯૧ વર્ષિય સ્ત્રી રોગ નિષ્ણાંત ડૉ. ભક્તિ યાદવને પદ્મશ્રી અપાશે. તેઓએ અત્યાર સુધી ૮૮,૦૦૦ ગરીબ સ્ત્રીઓની પ્રસુતિમાં મદદ કરી છે. તેવી જ રીતે આસામના અંતરિયાળ વિસ્તારના દર્દીઓને હોસ્પિટલ સુધી પહોંચાડવા પોતાની મોટરસાઈકલને કામચલાઉ એમ્બ્યુલન્સમાં ફેરવનાર કરીમુલ હક, દશકાઓથી દેશની સૌથી જુની માર્શલ આર્ટ શીખવવા ૭૬ વર્ષિય મીનાક્ષી અમ્મા ૫૮ વર્ષોથી સતત સુંદર ગીતો ગાનાર સુકરી બોમ્માગૌડા અને તેલંગણામાં ૧ કરોડથી વધુ વૃક્ષો વાવનાર દરિપલ્લી રમૈયા જેવા સાવ સામાન્ય કહી શકાય તેવા વ્યક્તિઓને પદ્મ પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે.

એક રૂપિયામાં એક સાડીની સ્કીમથી અધિકારીઓના છૂટ્યા પરસેવા

વારાસણીમાં હજુ શિયાળાની અસર વર્તાઈ રહી છે પરંતુ અહીંના એક વેપારીની સ્કીમે સ્થાનિક તંત્રના અધિકારીઓના પરસેવા વગર ઉનાળે છોડાવી દીધા હતા. વારાસણીના એક સાડીના શૉ રૂમના સંચાલકોએ એક રૂપિયાની નોટ લઈને આવનાર મહિલાને નવીનક્કોર સાડી આપવામાં આવશે તેવી સ્કીમ જાહેર કરતા જ હજ્જારો મહિલાઓની ભીડ આ શૉ રૂમ પર ઉમટી પડી હતી. મહિલાઓની ભીડને કાબુ કરવામાં અસમર્થ સ્થાનિક તંત્રના અધિકારીઓ એટલા બધા પરેશાન થઈ ગયા હતા કે આખરે તેઓએ શૉ રૂમના માલિકને આ સ્કીમ બંધ કરવા ફરજ પાડવી પડી હતી.

બિહારના સરકારી બાબુઓ આખી દુનિયામાં ક્યાંય શરાબ નહી પી શકે

બિહારના અધિકારીઓ આજકાલ ખુબ પરેશાન છે. દારૂની રેલમછેલ હતી તેવા બિહારમાં ગયા વર્ષથી દારૂબંધી અમલમાં આવી છે. જેના કારણે અહીં દારૂ વેચાતો બંધ થઈ ગયો છે. દારૂબંધી ન હોય તેવા નજીકના રાજ્યોમાં કે વિદેશ જઈ દારૂની મોજ માણતા અધિકારીઓ માટે હવે કાયદાને વધુ કડક બનાવાયો છે. દેશ અથવા દુનિયાના કોઈપણ છેડે જો બિહારના અધિકારીઓ દારૂ પીતા પકડાશે તો તેમને સસ્પેન્ડ કરવા સુધીના પગલાં લેવાઈ શકે છે. અત્યાર સુધી અધિકારીઓ પર માત્ર ફરજ પરના કલાકો દરમ્યાન દારૂ પીવા પર પ્રતિબંધ હતો.

રેખાનો પત્ર વાંચી આમીરખાનની આંખોમાં આવ્યા આંસુ...

૨૦૧૬ના અંતિમ દિવસોમાં રીલીઝ થયેલી આમીરખાનની 'દંગલ' ફિલ્મનો વકરો ટુંક સમયમાં ૪૦૦ કરોડ સુધી પહોંચી જશે. આ ફિલ્મની સકસેસ પાર્ટીમાં જાણીતી અભિનેત્રી રેખાએ આમીરખાનને એક અનોખી ભેટ આપી. રેખાએ આમીરખાનને એક પત્રાપ્યો. આ પત્રને આમીરે પાર્ટીમાં વાંચ્યો. ખુબ જ ભાવવહી શૈલીમાં આમીરખાનની એક્ટિંગ અને ફિલ્મ વિશે લખાય